આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-18-09-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# રીન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર

કેન્દ્રીય નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી પ્રહલાદ જોષીએ ગઈકાલે જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં યોજાયેલી રીન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર મીટની ચોથી આવૃત્તિમાં રોકાણકારોએ **2030** સુધીમાં પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રોજેક્ટ્સમાં કુલ **32** લાખ **45** હજાર કરોડનાં રોકાણની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા શ્રી જોષીએ જણાવ્યું કે, વિવિધ રાજ્ય સરકારો અને ખાનગી ઉત્પાદકોએ વર્ષ **2030** સુધીમાં સૌર અને પવન ઊર્જા સહિતનાં અક્ષય ઊર્જા ક્ષેત્રોમાં નોંધપાત્ર રોકાણ કરવાની ખાતરી આપી છે. તેમણે જણાવ્યું કે, ઊર્જા ક્ષેત્રમાં તાજેતરમાં આવેલા પરિવર્તનનાં મોજામાં ભારત અગ્રણી રહ્યું છે અને હવે લોકોમાં પુનઃપ્રાપ્ય ઊર્જા અંગે જાગૃતિ ફેલાવવાનો સમય આવી ગયો છે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે સમાપન સમારોહનું અધ્યક્ષપદ સંભાળશે.

**RNU અમદાવાદ**

---

## જિલ્લા લોક અદાલત

જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન કચ્છ દ્વારા **14**મી સપ્ટેમ્બરના લોક અદાલત યોજાઈ હતી. જેમાં ૫૦ જેટલા કેસો સમાધાન અર્થે મૂકવામાં આવેલ હતા, જેમાંથી ૩૦ કેસોના વળતર પેટેના દાવા માટે રૂપિયા **18** લાખ **65** હજાર **307**ના વ્યવસ્થાપન કરવામાં આવ્યા હતા. જેમાં અકસ્માત, મેડિક્લેમ, લેન્ડ ડેવલોપર્સ તથા ઈકોમર્સ ફ્રોડ જેવા વિવિધ કેસો રાખવામાં આવ્યા હતા. કેસોમાં ફરીયાદી, સામાવાળા અને બંને પક્ષોના વકીલોએ હાજર રહી લોક અદાલતને સફળ બનાવવા અને મહતમ કેસોનો અસરકારક નિકાલ લાવવાના પ્રયત્નો કર્યા હતા.

પ્ર. આરતી ભટ્ટ **(મા.ખા)**

---

## એક પેડ મા કે નામ - માધાપર

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝન અનુસાર ગઈકાલે ભુજ તાલુકાના માધાપર ગામ ખાતે આવેલા સર્વોદય રમત ગમત સંકુલમાં “એક પેડ મા કે નામ” અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વન વિભાગ દ્વારા આયોજિત આ વૃક્ષારોપણના કાર્યક્રમ જિલ્લા કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. અમિત અરોરાએ જણાવ્યું હતું કે, બાયોડાયવર્સિટી પૃથ્વી માટે ખૂબ જ જરૂરી છે. કચ્છની જૈવ વિવિધતાનો વારસો જાળવવા માટે કચ્છના દરેક લોકોએ સહયોગ આપવા તેમજ વૃક્ષો વાવી તેનો ઉછેર કરવા સંદેશ જિલ્લા કલેક્ટરશ્રીએ પાઠવ્યો હતો. વન વિભાગના સહયોગથી અર્બન ફોરેસ્ટ મોડેલથી ૨ હજાર રોપાઓના વાવેતરનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્ર. આરતી ભટ્ટ **(N.P)**

---

## મોટા યક્ષનો મેળાની તૈયારી

મિની તરણેતર તરીકે ઓળખાતા મોટા યક્ષનો મેળો **22**મી સપ્ટેમ્બર રવિવારથી યોજાશે. ત્યારે તેની તૈયારીઓને આખરીઓપ આપવામાં આવી રહ્યો છે. મેળામાં **700**થી વધુ પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. મેળામાં સઘન પોલીસ બંદોબસ્ત, ટ્રાફિક વ્યવસ્થાપન, પાર્કિંગ વ્યવસ્થા અને ભીડવાળી જગ્યા પર સીસીટીવી કેમેરા લગાવવાની કામગીરીને આખરીઓપ આપવામાં આવી રહ્યો છે.

પ્ર. આરતી ભટ્ટ **(N.P)**

---

## શ્રાધ્ધપર્વ પ્રારંભ

આજથી શ્રાધ્ધ પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે. જે બીજી ઓક્ટોબરે સર્વપિતૃ અમાવસ્યા એટલે કે ભાદરવા અમાસના દિવસે સમાપ્ત થશે. આ દિવસો દરમિયાન શુભ કાર્યોના આયોજન બંધ રહે છે. અને પિતૃઓ માટે શ્રાધ્ધ, તર્પણ અથવા પિંડદાન વગેરે કરવાની પરંપાર છે. પિતૃપક્ષ પૂર્ણ થતા જ બીજા દિવસથી જ એટલે 3 ઓક્ટોબરથી નવરાત્રિ પર્વ શરૂ થશે.

પ્ર. આરતી ભટ્ટ (નેહલ ઠક્કર)

---

## સેવાસેતુ કાર્યક્રમ

જિલ્લામાં આગામી 30મી ઓક્ટોબર સુધી શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. આ દસમા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમનો વધુમાં વધુ લોકોને લાભ લેવા જિલ્લા કલેકટરે અપીલ કરી છે. આ કાર્યક્રમનો પ્રારંભ સ્વચ્છતા હી સેવાના અભિયાન સાથે માનકૂવા ખાતેથી કરાયો હતો. જેમાં આ વિસ્તારના લોકોને 13 વિભાગની 55 જેટલી સુવિધા અંગે લોકોને માહિતી આપવામાં આવી હતી.

પ્ર. આરતી ભટ્ટ **(N.P)**

-------------------------------------------------------------------------------

## ખનિજ પરિવહન

પૂર્વ કચ્છમાં ગેરકાયદે ખનિજ પરિવહન કરતાં વધુ પાંચ ડમ્પરને ખનિજ વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવ્યા હતા. જેમાં રાપર તાલુકાના નિલપર, લાકડિયા, બાદરગઢ અને ગાંધીધામના શિણાય ખાતે આ અંગે કાર્યવાહી કરવામાં આવી હતી.

**પ્ર. આરતી ભટ્ટ (N.P)**

-------------------------------------------------------------------------------

## તાપમાન

જિલ્લામાં ભાદરવી તાપનો પ્રભાવ સતત વધતો જોવા મળી રહ્યો છે. ભુજ 34.7 ડિગ્રી તાપમાન સાથે રાજ્યમાં ત્રીજા નંબરનું ગરમ મથક બન્યું હતું.

**પ્ર. આરતી ભટ્ટ (N.P)**

-------------------------------------------------------------------------------

RNU BHU